
# લગ્ન કેટલાં જરૂરી?



**આ** સવાલનો જવાબ દરેક વ્યક્તિએ જાતે જ શોધવો પડે છે.

આજે લગભગ દરેક યુવાન છોકરી તેની માને, માસીને કે કાકીને પૂછે છે, "લગ્ન શું કામ કરવાં જોઈએ?" આજથી પાંચ દાયકા પહેલાં જન્મેલી સ્ત્રીનો અભિપ્રાય આજની છોકરીથી જુદો છે. તેને માટે લગ્ન સલામતી કે સામાજિક પ્રતિષ્ઠાનો પર્યાય છે. 1990 પછી જન્મેલી છોકરી જુદી રીતે વિચારે છે. એવી જ રીતે એક પુરુષ માટે આજથી 50 વર્ષ પહેલાં લગ્ન એક સગવડ અથવા સામાજિક સંસ્થા તરીકે જીવવાની રીત હતી, આજનો યુવાન જુદી રીતે વિચારે છે.

એવાં દંપતી છે, જે એવી સલાહ આપે કે 'લગ્ન તો કરવાં જ જોઈએ.' તો બીજી તરફ એવાં દંપતી પણ છે જ જેમને લાગે છે કે 'લગ્ન તો ન જ કરવાં જોઈએ.'

લગ્ન વિશેનો નિર્ણય, આ બંને પ્રકારના લોકોની સલાહ વગર કરવો જોઈએ. જે વ્યક્તિને લગ્ન કરવાં છે અથવા નથી કરવાં, તેણે બંને બાબતો માટે પોતાનાં કારણો શોધવાં જોઈએ અને એ કેટલાં સાચાં છે, કેટલાં યોગ્ય છે એની તપાસ કરવી જોઈએ. કોઈ એક વ્યક્તિની સલાહ પર કરવામાં આવેલો નિર્ણય એના અનુભવ અને એ અનુભવમાંથી લાધેલા જ્ઞાન ઉપર આધારિત છે, એ કોઈ અન્ય વ્યક્તિને કેવી રીતે કામ લાગે?

જે પેઢીનાં લગ્નને બે દાયકાથી વધુ સમય થઈ ચૂક્યો છે એ પેઢીમાં ક્યાંક લગ્ન 'નિભાવવા'ની ભાવના કે સમજૂતી, સમાધાન, સહનશક્તિ જેવા શબ્દો સાંભળવા મળે છે. સાચું પૂછો તો લગ્ન એ બે વ્યક્તિએ સાથે 'જીવવા' અને 'માણવા'નો સંબંધ છે.

જો સમાધાન, સમજૂતી કે સહન કરવાની વાત આવે તો બેમાંથી એક સુખી નથી, એવું નક્કી થાય છે? અને, જો ઇચ્છાથી કે સ્નેહથી, પરિસ્થિતિ કે વ્યક્તિ સાથે ગોઠવાઈ જવાનું નક્કી કર્યું હોય તો બંને જણ ખુશ હોય જ, પરંતુ બહારની વ્યક્તિને કદાચ એ સમાધાન કે સમજણ ન સમજાય એવું બને.

આજની યુવાન પેઢીને લાગે છે કે તેમનાં માતા કે પિતાએ લગ્નજીવનને ટકાવી રાખવા ઘણું 'સહન' કર્યું છે. આ જોઈને, તેમની અંગત સમજણથી તેમને જે લાગ્યું છે એના પર આધારિત નિર્ણય કરવાનો આવે ત્યારે યુવાન પેઢી લગ્નને બંધન અથવા 'સમસ્યા' તરીકે જોતી થઈ જાય છે.

લગ્નમાં 'સફળ', 'નિષ્ફળ' કે 'આદર્શ' જેવાં કોઈ વિશેષણો કામ લાગતાં નથી. લગ્ન કાં તો સુખી હોય છે અથવા તો અગવડભર્યાં-દુ:ખી હોય છે. બે વ્યક્તિઓના આ સંબંધમાં સુખ કે દુ:ખનો અર્થ બંને માટે સમાન હોવો જોઈએ. એક સુખી અને બીજું દુ:ખી હોય તો એ લગ્ન નહીં, મજબૂરી છે. પ્રમાણ કે તીવ્રતા જુદાં હોઈ શકે પણ અનુભૂતિ તો એક જ હોય છે.

આજની યુવાન પેઢીનો પ્રશ્ન સમજવા જેવો છે, 'લગ્ન કરવાથી સુખી થઈ શકાય?' એ પૂછે છે, 'ન ફાવે તો?' તેમને આવાં ભય અથવા ચિંતા સતાવે છે. તેમને લાગે છે કે 'લગ્ન' તેમની કારકિર્દી અને જીવનશૈલીને ક્યાંક બાંધી લેશે.

લગ્ન, એક એવો સંબંધ છે જેમાં બે વ્યક્તિ સાથે સાથે વૃદ્ધ થવાનું નક્કી કરે છે. વયવૃદ્ધ જ નહીં, સમજણ, સ્નેહ અને જ્ઞાનવૃદ્ધ પણ થાય છે. એકબીજાની અપૂર્ણતા શોધવાને બદલે બે અપૂર્ણ વ્યક્તિઓ જો એક પૂર્ણ સંબંધને જીવવાનો પ્રયાસ કરવા તૈયાર હોય તો લગ્નમાં બંને સુખી થઈ શકે. બંને વ્યક્તિમાં કોઈ નબળાઈ કે અવગુણ હોય જ, પરંતુ ગુણ જોવાની કે એકમેકમાં સારી બાબતોની નોંધ લેવાની પ્રકૃતિ લગ્નજીવનને સુખી અને એકબીજા સાથે જીવવાના સમયને સ-રસ બનાવે છે.

કોઈ એક વ્યક્તિ સાથે, આખી જિંદગી જીવી શકાય એવું લાગે તો જ લગ્ન કરવાં જોઈએ. કોઈ એક વ્યક્તિ વગર આપણી અપૂર્ણતા આપણને જ અઘરી પડશે અને એ વ્યક્તિ જો જીવનમાં જોડાશે તો બંને સાથે મળીને પૂર્ણતા તરફ પ્રવાસ કરી શકીશું એવું લાગે તો લગ્ન કરવાં જોઈએ.

લગ્ન કાગળ પર કરાયેલો કોઈ કરાર નથી. એ 'સંબંધ' છે, મન, બુદ્ધિ, શરીર અને પરિવારનો. આ સમજવાની કે સાચવવાની તૈયારી કે જવાબદારી લેવાની પ્રતિબદ્ધતા હોય તો અને તો જ લગ્ન કરવાં જોઈએ.

'સ્વીકાર' અને 'સમાધાન-સમજૂતી' એક નથી.

કોઈ એક વ્યક્તિ સાથે, આખી જિંદગી જીવી શકાય એવું લાગે તો જ લગ્ન કરવાં જોઈએ. કોઈ એક વ્યક્તિ વગર આપણી અપૂર્ણતા આપણને જ અઘરી પડશે અને એ વ્યક્તિ જો જીવનમાં જોડાશે તો બંને સાથે મળીને પૂર્ણતા તરફ પ્રવાસ કરી શકીશું એવું લાગે તો લગ્ન કરવાં જોઈએ.

## પહેલું પગલું

### વર-વચન

**ॐ एकमिषे विष्णुस्तवा नयतु।**

*ભાવાર્થ : આ પ્રથમ પદનું અતિક્રમણ કરવા માટે વિષ્ણુભગવાન તને અન્ન અર્પે.*

### કન્યા-વચન

**ॐ सुखदुःखानि रार्वाणि त्वया सह विभज्यते।**
**यत्र त्वं तदहं तत्र प्रथमे सा ब्रवीदिदम्।।**

*ભાવાર્થ : હે પતિદેવ! તમારા દુઃખમાં હું ભાગીદાર બનીશ.*
*તમે જ્યાં અને જેવી રીતે રહેશો ત્યાં હું પણ રહીશ.*

શાસ્ત્રોક્ત વિધિ મુજબ પતિ કહે છે કે પહેલું પગલું ચાલવા માટે તને અન્ન મળે. આ 'અન્ન' એટલે ભોજન? ના, અહીં અન્ન ઊર્જાના અર્થમાં વપરાય છે. પિયરથી સાસરે જનારી છોકરી પોતાના પરિવારને લાડ, પ્રેમ અને સ્વતંત્રતાને મૂકીને હવે કોઈના ઘરની મર્યાદા, પ્રતિષ્ઠા અને કુળવધૂ બનવા જઈ રહી છે. એના મનમાં ચાલતાં અવઢવ અને મૂંઝવણને એ અતિક્રમે (ક્રૉસ કરી શકે) એ માટે એને ભગવાન વિષ્ણુ (કારણ કે એ સંસારનું પાલન કરે છે. શિવ સંહાર કરે છે અને બ્રહ્મા જન્મ આપે છે) શક્તિ (ઊર્જા-અન્ન-બળ) પ્રદાન કરે એવું પતિ કહે છે. અહીં પતિ એમ પણ કહે છે કે તું મારામાં જે વિશ્વાસ મૂકી રહી છે એ તું નિશ્ચિંતતાથી મૂકી શકે એ માટેની શ્રદ્ધા પણ તને ભગવાન વિષ્ણુ તરફથી મળે.

બીજી તરફ, પત્ની વચન આપે છે કે હું તમારી સાથે આવી રહી છું તો હવે સુખમાં કે દુઃખમાં, ફરિયાદ કર્યા વગર - અભાવ કે અસુખ વિશે જીવ બાળ્યા વગર હું તમારી સાથે આનંદથી રહેવાનો પ્રયત્ન કરીશ. અહીં એક મહત્ત્વનો મુદ્દો એ છે જેમાં પત્ની કહે છે, 'તમે જેમ રહેશો તેમ' હું રહીશ! આ વાત પતિએ પણ સમજવાની છે. પોતે જે રીતે રહે તે રીતે પત્નીને રાખવી એ પતિની ફરજ છે. જો એને અભિપ્રાય આપવાની, પોતાનો આનંદ લેવાની, પોતાના મિત્રોને મળવાની કે પોતાના પરિવાર સાથે સમય વિતાવવાની છૂટ

હોય તો એ છૂટ પત્નીને પણ મળવી જોઈએ. અહીં, 'તમે જેમ રહેશો તેમ'નો અર્થ એ છે કે પતિની તકલીફમાં પત્ની તકલીફ સહન કરશે તો બીજી તરફ, પતિના સુખમાં એણે પોતાની પત્નીને 'સુખ' આપવું એ એની ફરજ છે.


## આધુનિક

આજના સમયમાં દીકરીઓ પોતાની સ્વતંત્રતા છોડીને લગ્ન કરતાં અચકાય છે. એમને ભય લાગે છે કે એમનું શિક્ષણ વ્યર્થ જશે અને કારકિર્દીમાં લગ્નને કારણે તકલીફ પડશે. આજની દીકરીઓએ પોતાની મમ્મીને હાઉસ વાઇફ અથવા ગૃહિણી તરીકે જોઈ છે, પણ આજની દીકરી એવું જીવવા માગતી નથી એટલે એને લગ્ન કરતી વખતે ભય લાગે છે. એ સમયનું સપ્તપદીનું પહેલું વચન આજે પણ એટલું જ સાચું છે. પોતાની સ્વતંત્રતા અને કારકિર્દી સાથે નવા જીવનમાં પ્રવેશ કરતી નવયુવતી-નવવધૂને એનો પતિ કહે છે, 'આ નવા સ્વરૂપ અને નવા સંબંધમાં પ્રવેશવા માટે ઈશ્વર (ભગવાન વિષ્ણુ) તને શક્તિ આપે. તું મારામાં વિશ્વાસ મૂકી શકે અને મારો પરિવાર પણ તને એટલા જ સ્નેહથી રાખશે, એટલી જ સ્વતંત્રતા આપશે એવી તને શ્રદ્ધા મળે તે માટે ભગવાન તને સહાયરૂપ થાય.'

સામે આજની પત્ની પોતાના પતિને વચન આપે છે કે સારા-ખરાબ સંજોગોમાં સફળતા કે નિષ્ફળતામાં તમારી કારકિર્દીના સંઘર્ષમાં અને તમારા પરિવાર સાથેના મારા ઍડ્જસ્ટમેન્ટમાં 'જેમ તમે રહેશો તેમ હું રહીશ'. આનો એક અર્થ એ પણ થાય કે હું તમારાં માતા-પિતાને મારાં માતા-પિતા માનીશ, જેમ તમે માનો છો તેમ જ. તમે જે રીતે તમારા પરિવાર માટે સમય, શક્તિ અને ધન ખર્ચો છો એમ હું પણ મારો સમય, શક્તિ અને ધન તમારા પરિવાર માટે નિઃસંકોચ આપીશ.

સપ્તપદીનું વચન ભલે સદીઓ જૂનું હોય, પણ એનો આધુનિક અર્થ જોવા જઈએ, તોય કશું બદલાતું નથી. એ આપણી ભારતીય સંસ્કૃતિની સૌથી ગરિમાપૂર્ણ અને મહત્ત્વની બાબત છે.

# સહજીવન એટલે
# સમભોગ અને સમભાગ



**ભા**રતીય આશ્રમ-વ્યવસ્થા ઋગ્વેદના સમયથી ચાલી આવે છે. જ્યારે માણસ નગરો નહીં, પરંતુ જંગલોમાં વસતો હતો ત્યારે 'લગ્ન' નામની કોઈ વ્યવસ્થા નહોતી. જે સ્ત્રી ગમે એની સાથે જીવી શકાય, ઉપભોગ કરી શકાય અને એ સ્ત્રીને જન્મેલું સંતાન આખી ટોળી અથવા કમ્યુનનું ગણાય.

મહાભારતમાં શ્વેતકેતુની કથા છે. પોતાની માને અન્ય પુરુષ સાથે સંભોગ કરતી જોઈને શ્વેતકેતુ ઉદ્વેગ પામે છે અને નિર્ણય જાહેર કરે છે કે, હવે એક પુરુષ સાથે એક સ્ત્રીનો જ સંબંધ હશે અથવા હોવો જોઈએ. ત્યાં સુધીમાં

વેદોની રચના થવા લાગી હતી, થઈ ચૂકી હતી. જ્ઞાની અને મહાન ઋષિઓએ સંસ્કૃતિના સંવર્ધન અને સુરક્ષા માટે ‘સંસ્કાર’ની વાત કરી. લગ્ન સોળ સંસ્કારમાંનો એક છે. નગરમાં વસતા ‘નાગરિકો’ (સિવિલાઇઝ્ડ લોકો) ઘર બાંધવા લાગ્યા અને પરિવારની રચના કરી. લગ્ન માત્ર શારીરિક સંબંધ કે સ્ત્રી-પુરુષની દૈહિક જરૂરિયાત પૂરતી વ્યવસ્થા નથી, અહીં એક એવો જીવનપ્રવાહ ગોઠવાય છે, જેમાં આવનારી પેઢીનો ઉછેર થાય છે અને વૃદ્ધ-વડીલોની કાળજી લેવાય છે.

નવા સમય પ્રમાણે એક એવી માનસિકતા ઊભી થઈ છે કે સ્ત્રીએ લગ્નમાં સમાધાન કરવું પડે છે અથવા એના ઉપર અત્યાચાર થાય છે, એની સ્વતંત્રતા ઝૂંટવાય છે, પરંતુ ‘સપ્તપદી’ વાંચીએ ત્યારે સમજાય કે, સ્ત્રીને ભારતીય સંસ્કૃતિમાં કોઈ દિવસ ઓછી કે નીચી આંકવામાં આવી નથી. લગ્ન એ ઇમોશનલ, શારીરિક, પારિવારિક, સાંસ્કૃતિક અને માનસિક સ્વાસ્થ્ય સાથે જોડાયેલું છે. જ્યારે નાના હતા ત્યારે એક વાર્તા સાંભળતા, ‘એક હતી ચકી ને એક હતો ચકો. ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો દાળનો દાણો...’ લગ્નની ખીચડીમાં કોઈ એક જ વ્યક્તિ બંને દાણા લાવતી નથી એ વાત આપણી બાળવાર્તાઓથી શરૂ કરીને આપણા વેદો સુધી દરેક જગ્યાએ સ્પષ્ટ કરવામાં આવી છે. જેમ બંને જણાં સંસારની ખીચડીમાં દાળ અને ચોખાનું પ્રદાન (કૉન્ટ્રિબ્યુશન) કરે છે એવી જ રીતે એ ખીચડીની મજા લેવાનો અધિકાર પણ બંનેને છે જ. એ ખીચડી ચોંટી જાય, બળી જાય તો એમાં બંનેની ભૂલ, ને ખૂટી પડે તો બંનેએ ક્યાંકથી વધારાના દાણા લાવવા જ પડે. અગત્યનું એ છે કે, આપણી સંસ્કૃતિ અને બાળવાર્તાઓ જે કહેતી રહી, એને આ પૈતૃક સમાજે પોતાની સગવડ અને સમજણ મુજબ બદલીને સ્ત્રીની ભૂમિકામાં વિક્ષેપ-ખલેલ અથવા સમસ્યા ઊભી કરી. ત્યાંથી શરૂ થઈ સંઘર્ષની એક એવી પ્રવૃત્તિ જે લગ્નને જ નહીં, વ્યક્તિને અને સમાજને પણ છિન્ન-ભિન્ન કરે છે.

આજના સમયમાં છૂટાછેડાનું પ્રમાણ વધ્યું છે. લગ્નો ટકતાં નથી એવી ફરિયાદ લગભગ દરેક સમાજ-જ્ઞાતિ અને પરિવારમાં સાંભળવા મળે છે, પરંતુ આ સમસ્યાના મૂળમાં શું છે - એ નહીં સમજાય ત્યાં સુધી આનો ઉકેલ નહીં જડે. લગ્ન પછી સંભોગની મંજૂરી આ સમાજ આપે છે. ‘સમભોગ-સમ-


ભોગ', બંને સમાન ભાવે, સમાન ભાગે અને સમાન આનંદથી ભોગવે એનું નામ સમભોગ. બીજી રીતે જોઈએ તો દુઃખમાં પણ સમાન ભાવે ભોગવવાનું વચન લગ્ન આપે છે.

ગામડાંની એક કહેવત છે, 'બે બળદને સાથે એક જ ધૂંસરીએ બાંધવામાં આવે ત્યારે એ શિંગડું પણ બાજુવાળાને જ મારે અને ચાટીને વહાલ પણ એને જ કરે.' લગ્નજીવનમાં પણ કદાચ આવું જ બનતું હોય છે. અકળાવવાનો, ઉશ્કેરાવાનો, થાકવાનો, કંટાળવાનો અધિકાર બંનેને છે - શરત ફક્ત એટલી છે કે આ અધિકાર બંને જણાં સાથે ભોગવી શકતાં નથી!

બેમાંથી એક થાકે, કંટાળે, ગુસ્સે થાય ત્યારે બીજાએ 'ધૂંસરી' સંભાળવાની હોય છે. લગ્નજીવન સમભોગ અને સમભાગ પર આધારિત છે. સુખ, સંપત્તિ, સિદ્ધિ-પ્રસિદ્ધિ, સત્તા કે સગવડ સરખા ભાગે વહેંચાવી જોઈએ. બીજી તરફ દુઃખ, સમસ્યા, પીડા, ગુસ્સો કે ચીડ પણ બંનેએ સમાન ભાગે સહન કરવાં જોઈએ. આ સાંભળવામાં બહુ આદર્શ લાગે છે અને મોટા ભાગના લોકો એમ પણ કહે કે, 'આ બધું કહેવાય, થાય નહીં...' પરંતુ સત્ય એ છે કે જે આ કરી શકે છે એમનાં લગ્નની 25મી કે 50મી ઍનિવર્સરીના દિવસે એમને વર્ષો 'ખેંચ્યાં'નો અફસોસ નહીં, 'જીવ્યાં'નો આનંદ હોય છે.

ગામડાંની એક કહેવત છે, 'બે બળદને સાથે એક જ ધૂંસરીએ બાંધવામાં આવે ત્યારે એ શિંગડું પણ બાજુવાળાને જ મારે અને ચાટીને વહાલ પણ એને જ કરે.' લગ્નજીવનમાં પણ કદાચ આવું જ બનતું હોય છે. અકળાવવાનો, ઉશ્કેરાવાનો, થાકવાનો, કંટાળવાનો અધિકાર બંનેને છે - શરત ફક્ત એટલી છે કે આ અધિકાર બંને જણાં સાથે ભોગવી શકતાં નથી! બેમાંથી એક થાકે, કંટાળે, ગુસ્સે થાય ત્યારે બીજાએ 'ધૂંસરી' સંભાળવાની હોય છે. લગ્નજીવન સમભોગ અને સમભાગ પર આધારિત છે. સુખ, સંપત્તિ, સિદ્ધિ-પ્રસિદ્ધિ, સત્તા કે સગવડ સરખા ભાગે વહેંચાવી જોઇએ. બીજી તરફ દુઃખ, સમસ્યા, પીડા, ગુસ્સો કે ચીડ પણ બંનેએ સમાન ભાગે સહન કરવાં જોઇએ.

# કમિટેડ એટલે 'કેદ થવું' નહીં



**આ**પણે પતિ-પત્નીના જોક્સ ઉપર સહજતાથી હસીએ છીએ, પરંતુ એ જ વાત જ્યારે આપણા જીવનમાં, ઘરમાં કે બેડરૂમમાં ચર્ચાય છે ત્યારે એ કકળાટનું - ક્લેશનું કારણ બને છે. મોટાભાગના જોક્સમાં કે સ્ટૅન્ડ-અપ કૉમેડીમાં, આજકાલનાં નાટકોમાં એવું જતાવવામાં આવે છે કે લગ્ન કરવાથી વ્યક્તિગત સ્વાતંત્ર્ય છીનવાય છે અથવા લગ્ન કરીને પુરુષનું જીવન દુ:ખી, ગુલામ જેવું થઈ જાય છે, તો બીજી તરફ સ્ત્રી કકળાટ કરતી, દલીલ કરતી, પતિને ડરાવતી અને પોતાનાં પિયરિયાંનો પક્ષ લેતી કોઈ ભયાનક વ્યક્તિ છે.

આ જોક્સમાં લગ્નજીવનની ઠેકડી ઉડાડવામાં આવે છે. લગ્ન, એ આપણી ખુશીને છીનવવા માટે રચાયેલું કોઈ ઇન્સ્ટિટ્યૂશન છે, એવું આપણા મગજમાં ઠસાવવામાં આવ્યું છે.

બે વ્યક્તિ સાથે જીવવા માગે છે એ કારણ જ સાથે જીવવા માટે પૂરતું છે. લગ્નજીવનમાં 'સુખ'ની દરેકની પોતાની વ્યાખ્યા છે. દરેક માટે લગ્નસંબંધનો અર્થ જુદો છે. દરેકને જીવનસાથી પાસેથી આગવી અપેક્ષા છે. જેમ દરેકની ફિંગરપ્રિન્ટ જુદી છે એમ દરેકના મન, માનસ, પ્રકૃતિ અને સ્વભાવ જુદાં છે. કોઈ એક વ્યક્તિ સાથે જીવવા માટે બીજી વ્યક્તિએ પોતાની જાતને સંપૂર્ણપણે બદલવાની શરત હોય તો એ સંબંધ ક્યારેય 'સુખી' થઈ શકે જ નહીં. એવી સ્થિતિમાં કમિટમેન્ટ કદાચ કેદ કે બોજ લાગે એ સ્વાભાવિક છે.

લગ્ન કોઈ 'વ્યક્તિ સુધાર કૅમ્પ' નથી. આપણા જીવનસાથીને આપણી અનુકૂળતા અને ગમા-અણગમા મુજબ બદલવાનો વધુ પડતો આગ્રહ કે તેમને આપણી શરતો પર જીવવા માટે ફરજ પાડવાની પ્રવૃત્તિ અંતે કેદ કે બોજમાં પરિણમે છે.

લગ્ન જવાબદારી છે એ સાચું, પણ આ કોઈ 'લોન' કે 'દેવું' નથી, જેનું વ્યાજ ચૂકવતાં વ્યક્તિ એટલી થાકી જાય કે મૂડી ચૂકવવા જેટલી શક્તિ જ બચે નહીં!

કમિટમેન્ટ માત્ર લગ્ન પૂરતું જ નથી હોતું, માણસે પોતાના સ્વાસ્થ્ય વિશે, કારકિર્દી વિશે, મહત્ત્વાકાંક્ષાઓ વિશે કે જીવન વિશે પણ કમિટમેન્ટ તો કરવું પડતું હોય છે. જો એ આપણને કેદ કે બોજ નથી લાગતાં તો લગ્ન શા માટે કેદ લાગે છે? માનસશાસ્ત્રીઓ આના જવાબમાં એક શબ્દનો પ્રયોગ કરે છે, 'કમિટમેન્ટ ફોબિયા'.

આ એક એવી માનસિકતા છે જેમાં વ્યક્તિને એક જ વ્યક્તિ સાથે બંધાવાનો કે ફસાઈ જવાનો ભય લાગે છે. આ ભય માત્ર એના વ્યક્તિગત સંબંધોમાં જ નહીં, કારકિર્દી અને જીવનની દરેક બાબતમાં દેખાય છે. આપણને પોતાના વિશે જ વિશ્વાસ ન હોય ત્યારે આવો ભય આપણને ડરાવે છે. "મારું જ નક્કી નથી" એવું માનનારા ઘણા યુવાનો હવે લગ્નથી દૂર રહેવાનો કે એવા કોઈ કમિટમેન્ટમાં નહીં બંધાવાનો નિર્ણય કરે છે.

25 કે 30 વર્ષે જે નિર્ણય સાચો લાગે, એ જ નિર્ણય ક્યારેક 50 વર્ષની


ઉંમરે 'ભૂલ' લાગે. મુદ્દો એ છે કે જે કમિટમેન્ટ કરવા તૈયાર છે તેને માટે લગ્ન, કારકિર્દી કે માતાપિતાની કે સંતાનની જવાબદારી બધું જ સહજ છે. જે જવાબદારી લેવાથી જ ડરે છે અથવા જેને પોતાની જાત પર જ ભરોસો નથી એને માટે કમિટમેન્ટનો પ્રશ્ન અઘરો થઈ પડે છે.

જો બે વ્યક્તિઓ આ સમજદારીથી સહજીવન માટે જોડાય તો એ સંબંધ ક્યારેય કેદ કે બોજ નથી બનતો. એકબીજાને પોતાના શોખ, કારકિર્દી, મિત્રો કે જિંદગીની નાની બાબતોની પસંદગીમાં સ્વતંત્રતા મળે તો બંને જણ એકબીજાની સાથે આનંદથી જીવી શકે. હવે આ નાની બાબતોની પસંદગી, કારકિર્દી કે શોખ પણ અંતે તો અંગત નિર્ણય ઉપર અવલંબે છે. જેમ કે કોઈ વ્યક્તિને જુગાર રમવાનો 'શોખ' હોય તો એ વિશેની સ્વતંત્રતા મળવી જોઈએ? કોઈ એક પત્ની 'કારકિર્દી'ના નામે ઘરની જવાબદારી લેવા તૈયાર જ ન હોય તો તેને સ્વતંત્રતા કહેવાય?

આપણે શબ્દના અર્થ કાઢવાને બદલે એના અનર્થ કરવામાં કે મનફાવતા-સગવડિયા અર્થ કરવામાં પાવરધા છીએ. શબ્દના સાદા અર્થને જીવનની સરળતા અને સહજતા સાથે જોડી શકાય તો લગ્નનો સંબંધ એક સુમધુર સહજીવન બની શકે. એકબીજાની સ્વતંત્રતા પર તરાપ, શંકાઓ કે માત્ર લેવડ-દેવડનો સંબંધ, એ લગ્ન હોય કે નહીં... અંતે તો કેદ કે બોજ બની જાય છે.

કમિટમેન્ટ માત્ર લગ્ન પૂરતું જ નથી હોતું, માણસે પોતાના સ્વાસ્થ્ય વિશે, કારકિર્દી વિશે, મહત્ત્વાકાંક્ષાઓ વિશે કે જીવન વિશે પણ કમિટમેન્ટ તો કરવું પડતું હોય છે. જો એ આપણને કેદ કે બોજ નથી લાગતાં તો લગ્ન શા માટે કેદ લાગે છે?

# જીવનસાથી એકબીજાના નોકર કે ગુલામ નથી, છતાં એકબીજાનું કામ કરવામાં કશું ખોટું નથી



**આ**પણે બધાંએ વારંવાર સાંભળ્યું છે અને કહ્યું પણ છે, “હું કંઈ નોકર નથી.” આ વાક્યનો અર્થ એ છે કે હું તમારું કામ કરવા ફ્રી નથી, મારી ઇચ્છા નથી અથવા તમે કહેશો એટલે હું નહીં કરું. ગમા-અણગમા સાથે અજાણ્યા-ઓળખીતા-પડોશી-સગાંનું કામ તો કરી દઈએ છીએ, પરંતુ આ વાક્ય આપણે ઓળખીતા કે પડોશીને નથી કહેતા. હવે સવાલ એ છે કે આ વાક્ય વારંવાર, વધુમાં વધુ જીવનસાથી સાથે વપરાય છે.

સત્ય એ છે કે જીવનસાથી સાથેના સંબંધોમાં કોઈ 'માલિક' કે 'નોકર' નથી હોતું. એક સમજદારી અને ઍડ્જસ્ટમેન્ટ હોય છે, જેમાં એકમેકનાં કામ કરવાં કે એકમેકની સગવડ સાચવવામાં કોઈ ઈગો પ્રૉબ્લેમ ન હોવો જોઈએ.

ખાસ કરીને ભારતીય લગ્નોમાં ગૃહિણી તરીકે જીવતી પત્ની કે પત્ની કરતાં ઓછું કમાતા પતિને કોઈક કારણ વગર એનો અહંકાર વારંવાર નડી જાય છે. પતિ કોઈ કામ સોંપે કે નાનીમોટી સગવડની અપેક્ષા રાખે (જેમ કે પાણી આપ, દરવાજો ખોલ અથવા તું બૅન્ક જઈ આવજે કે કોઈ સગાંવહાલાંની પાર્ટી કે પ્રસંગમાં તું હાજરી આપી આવજે) ત્યારે પત્નીને લાગે છે કે હું કમાતી નથી માટે મને આવી રીતે 'ટ્રીટ' કરે છે.

બીજી તરફ, પત્ની કરતાં ઓછું કમાતો પતિ ઘરનું કામ કરવામાં, બાળક સાચવવામાં કે ડોમેસ્ટિક જવાબદારી લેવામાં પોતાના 'પુરુષત્વ'ને ઉઝરડા પડતા અનુભવે છે. સાચું પૂછો તો આ બંને પોતપોતાની જગ્યાએ ખોટાં છે. મહેનત કરીને ઘર માટે કમાતી પત્ની જો પ્રમાણમાં ઇઝી જીવન જીવતા હોય એવા પતિને ઘરનાં બે-ચાર કામ સોંપે તો તેણે આનંદપૂર્વક કરવાં જોઈએ, ઘર બંનેનું છે!

બીજી તરફ, પત્ની (ગૃહિણી) પાસે જો વધારાનો સમય હોય તો પતિનાં કામ ઘટાડવામાં કે સહકાર આપવામાં કોઈ શોષણ કે અત્યાચાર થાય છે એવું માનવાની જરૂર નથી. એક જ ઘરમાં રહેતાં, સહજીવન જીવતાં, એકમેક સાથે વૃદ્ધ થવાનાં વચન આપીને જોડાયેલાં બે જણ વચ્ચે આવી બાબતમાં અહંકારની કોઈ ગુંજાઇશ નથી. આપણે બિનજરૂરી બાબતોને 'મુદ્દા' બનાવીને આપણી જ જિંદગીમાં સમસ્યા ઊભી કરતાં શીખી ગયાં છીએ.

'ફેમિનિસ્ટ' વિચારધારા ધરાવતા ઘણા લોકો 'સરખાભાગે' ઘરનું કામ વહેંચવાની હિમાયત કરે છે અને મોટાભાગની સ્ત્રીઓ (આધુનિક યુવતીઓ) આ વાતમાં સપડાય છે. ફેમિનિસ્ટ એટલે માત્ર પુરુષની બરોબરી નહીં, પહેલાં તો મહિલા હોવાનું ગૌરવ! 'સરખાભાગે' એટલે-અડધું અડધું નહીં, સમજીને-સ્વીકારીને પોતપોતાની આવડત અને સમયની અનુકૂળ તા મુજબ વહેંચાયેલી જવાબદારી.

આપણે બધાં જ આપણી દીકરીઓને રસોઈ, ઘરકામ કે બીજી વસ્તુઓ શીખવવામાં થોડી નાનપ અનુભવવા લાગ્યાં છીએ. ભણેલી દીકરી ઘરનું કામ નહીં કરે તો ચાલશે, એવી કોઈ વિચિત્ર માનસિકતા આપણા બધામાં પ્રવેશી ગઈ છે. બીજી તરફ, દીકરાના ઉછેરમાં ઝાઝો ફેર પડ્યો નથી એટલે તેને પણ

આધુનિક માન્યતા અને બદલાતા સમય સાથે ઍડ્જેસ્ટ કરી શકે એ રીતે ઘરનું કામ કે થોડીક રસોઈ શીખવવાનું માતાપિતાને ગમતું નથી. આપણે વસ્ત્રોમાં કે જીવનશૈલીમાં મૉડર્ન થયાં છીએ, આપણા વિચારો હજી પણ સ્ત્રી-પુરુષ માટે બદલાયા નથી!

એકબીજાને ચાહતા હોઈએ, પ્રેમ કરતા હોઈએ તો એકબીજાનું કામ કરવામાં અહંકારને વચ્ચે ન લાવે એ દંપતી સુખી થઈ શકે. માતાપિતા બંનેનાં છે તો બંને એકબીજાનાં માતાપિતાનું ધ્યાન રાખે, ક્યારેક બેમાંથી કોઈ થાકેલું હોય તો બીજી વ્યક્તિ ઘરનું થોડું કામ સંભાળી લે.


બેમાંથી કોઈ વ્યસ્ત હોય તો સામાજિક પ્રસંગે બીજી વ્યક્તિ હાજરી આપી દે. આમાં કંઈ 'નોકર' હોવાની લાગણી થાય કે એકમેક સાથે વાંધાવચકા પડે, તો એ સંબંધમાં ક્યાંક સરખામણી અને એમાંથી જન્મ લેતી હીનતાનો ભાવ છે. 'હું કંઈ નોકર નથી' એવું કહેનારી દરેક વ્યક્તિએ એક વાર વિચારવું જોઈએ કે સાથે રહેતા અને એકમેકને પ્રેમ કરતા દરેક જણે એકબીજાનું કામ કરવું, એકબીજાની જવાબદારી ઉપાડવી કે ક્યારેક નહીં ગમતું કામ પણ પોતાના જીવનસાથી ખાતર કરી નાખવું, એકમેકની સગવડ સાચવવી એ સહજીવનનો વણલખ્યો નિયમ છે. આવું કરવાથી કોઈ એકબીજાના 'નોકર' બની જતા નથી.

જે કમાય છે તે 'મજૂર, બળદ કે ગધેડા' નથી. જે ઘરમાં મહેનત કરે છે એ 'વગર પૈસાના નોકર કે મજબૂર' નથી. એવી જ રીતે બંને એકબીજાને જબરજસ્તી ફરજ પાડીને, દાદાગીરી કે બ્લૅકમેઇલ કરીને, કડવું-તીખું સંભળાવીને કે પરસ્પર હીનતાનો અનુભવ કરાવીને કોઈ કામ કરાવે એ પણ ખોટું જ છે.

કોઈ નથી કમાતું માટે તેણે આ કરવું જ પડે, કોઈ વધુ કમાય છે માટે તેને વધુ છૂટછાટ અને સગવડો મળે એવું ઘર કે પરિવારમાં ન હોય. બંને જણે એકમેકને નીચા કે નાના દેખાડ્યા વગર સારી રીતે સાથે જીવવાનું છે અને એ જ સહજીવનનું સુખ છે.

જે કમાય છે તે 'મજૂર, બળદ કે ગધેડા' નથી. જે ઘરમાં મહેનત કરે છે એ 'વગર પૈસાના નોકર કે મજબૂર' નથી. એવી જ રીતે બંને એકબીજાને જબરજસ્તી ફરજ પાડીને, દાદાગીરી કે બ્લૅકમેઇલ કરીને, કડવું-તીખું સંભળાવીને કે પરસ્પર હીનતાનો અનુભવ કરાવીને કોઇ કામ કરાવે એ પણ ખોટું જ છે.

# સન્માન જોઈએ છે,
# તો લાયક બનો



ઍરેન્જ મૅરેજમાં સામાન્ય રીતે બે જણ એકબીજાને બહુ સારી રીતે જાણતાં નથી હોતાં. વિવાહ ગમે તેટલા લાંબા સમય સુધી રાખવામાં આવે, પરંતુ જ્યારે એ બે જણ મળે ત્યારે દરેક વખતે પોતપોતાની ઉત્તમ વર્તણૂક અને પોતાની શ્રેષ્ઠ બાજુ જ પ્રદર્શિત કરતાં હોય એ સ્વાભાવિક છે.

એવી જ રીતે લવ મૅરેજમાં પણ પ્રેમમાં પડેલાં બે પ્રેમીઓ પોતાનું ઉત્તમ વ્યક્તિત્વ જ સામે આવે એવો પ્રયાસ કરતાં હોય. લગ્ન પછી જ્યારે બે

વ્યક્તિ સાથે રહેવા માંડે, એક જ ઘરમાં જીવે ત્યારે એ ‘બે કલાકનું વ્યક્તિત્વ કે વર્તણૂક’માંથી એક સચ્ચાઈ અથવા જુદું વ્યક્તિત્વ બહાર આવે એ સહજ અને સ્વાભાવિક છે.

એ વખતે એકબીજા સામે આક્ષેપો કરવાને બદલે, એકમેકનું અપમાન કરવાને બદલે કે એકબીજાની ભૂલો શોધવાને બદલે કોર્ટશિપના સમયે એકબીજા વિશે શું ગમતું હતું એ યાદ કરીને, એ સામેની વ્યક્તિ (જીવનસાથી) ને જણાવવું જરૂરી છે.

બે વ્યક્તિમાંથી જે પતિ કે પત્ની સતત અન્ય વ્યક્તિની ભૂલ શોધે છે, એને અપમાનિત કરે છે કે ઉતારી પાડે છે, એના દેખાવ, સ્વભાવ, આવડત કે પરિવાર વિશે સતત ઘસાતું બોલે છે તે પતિ હોય કે પત્ની, ધીરે ધીરે પોતાનું સન્માન ખોઈ બેસે છે. શક્ય છે કે જીવનસાથીમાં વધુ સહનશક્તિ હોય, એ જવાબ ના આપે કે સામે એવું કડવું-ઘસાતું, ઉતારી પાડતું ન બોલે, પરંતુ તેમના મનમાંથી પોતાના જીવનસાથી માટેનો પ્રેમ અને સન્માન ઘટતું જશે એ નક્કી છે.

સામાન્ય રીતે ‘ડોમેસ્ટિક વાયોલેન્સ’ શબ્દ વપરાય છે. અર્થ થાય છે, ઘરેલુ હિંસા. બદલાતા સમય સાથે માત્ર પુરુષો જ હાથ ઉપાડે છે કે ખરાબ વર્તન કરે છે એવું ન જ કહી શકાય. માતાપિતા, સંતાનો કે સમાજના ડરથી ચૂપ રહેતા, પત્નીનો ત્રાસ સહન કરતા પુરુષો પણ આપણી આસપાસ છે જ!

આપણને જો સન્માન જોઈતું હોય તો એને પાત્ર બનવું પડે. અગત્યનું એ છે કે સન્માન મેળવવા માગતા મોટાભાગના લોકો સન્માન આપવાનું શીખ્યા નથી. સંબંધો ધરતી જેવા હોય છે. એક બીજ વાવો તો અનેકગણું કરીને પરત આપવાનો દાંપત્યનો સ્વભાવ છે. આપણે અમૃતનાં બી વાવીએ તો અમૃત નીપજે, પરંતુ ઝેરનાં બી વાવીએ તો ઝેરનું જ વૃક્ષ ઊગે. અપમાનનું બી વાવીએ અને સન્માનના વૃક્ષની અપેક્ષા રાખીએ તો કેમ ચાલે?

જગતમાં કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. દરેકમાં ક્યાંક કશીક ખામી હોય જ છે, પરંતુ સાથે સાથે ખૂબી પણ હોય છે. આપણા જીવનસાથીની ખામી બતાવીને, એ એના ભલા કે સારા માટે છે એવું માની લઈએ તો પણ એ કહેવાની રીત અને ભાષા ઉપર સંયમ અનિવાર્ય છે.

તોછડાઈ અને અપમાન, સામેની વ્યક્તિને એ જ વર્તન કરવા ઉશ્કેરે છે, જ્યારે શાંતિથી સમજણપૂર્વક બતાવવામાં આવેલી ભૂલ કે અણઆવડત, ખરાબ


વર્તન કે ખામી, સામેની વ્યક્તિને પોતાની જાતને સુધારવાની, બદલવાની પ્રેરણા આપે છે.

એકની એક ભૂલ એકથી વધુ વાર બતાવ્યા છતાં જો સામેની વ્યક્તિ ન સમજે તો પણ એનું અપમાન કરવાનો કે ઉતારી પાડવાનો અધિકાર બંને (પતિ કે પત્ની)માંથી કોઈની પાસે નથી.

સુખી લગ્નજીવન શક્ય છે, 'આદર્શ લગ્નજીવન' જેવી કોઈ વ્યાખ્યા નથી. પતિ કે પત્ની, પોતાના જીવનસાથીને સંપૂર્ણ કે આદર્શ બનાવવાનો પ્રયાસ કરતા હોય ત્યારે તેમણે એક વાર પોતાની જાતને પણ તપાસી જોવી જોઈએ. એ પોતે પણ આદર્શ કે સંપૂર્ણ નથી જ એવું સ્વીકારે તો કદાચ બંને જણ એકમેકની સાથે સુખી થઈ શકે.

જગતમાં કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. દરેકમાં ક્યાંક કશીક ખામી હોય જ છે, પરંતુ સાથે સાથે ખૂબી પણ હોય છે. આપણા જીવનસાથીની ખામી બતાવીને, એ એના ભલા કે સારા માટે છે એવું માની લઈએ તો પણ એ કહેવાની રીત અને ભાષા ઉપર સંયમ અનિવાર્ય છે.

# એના જીવનનો હિસ્સો છો, તો એ રીતે વર્તો



**બે** જણ જ્યારે લગ્ન કરે છે ત્યારે સપ્તપદીનાં વચન આપે છે. એમાંનું પહેલું વચન કહે છે કે આપણી ઊર્જા (એનર્જી) એક થાય. એ પછીનું વચન કહે છે કે આપણે સુખ-દુ:ખમાં એકમેકનો સાથ આપીશું. મોટાભાગે આ વચનો લગ્નની વેદીથી આગળ જતી વખતે બદલાઈ જાય છે.

દરેક કિસ્સામાં નહીં તો પણ મોટાભાગના કિસ્સામાં એવું બને છે કે બેમાંથી એક જીવનસાથી ભૂલ કરે, આર્થિક નુકસાન કરે કે અન્ય કોઈ સાથે સંબંધ બાંધી બેસે તો બીજી વ્યક્તિ તેને માફ કરી શકતી નથી. દુઃખ થાય, અપમાન લાગે કે છેતરાયાની લાગણી થાય એ સ્વાભાવિક છે, પરંતુ કોઈ એક વ્યક્તિ કયા સંજોગોમાં 'એ' રીતે વર્તી, એને સમજવું જરૂરી છે.

કેટલીક વાર એવું બને છે કે કોઈ એક જીવનસાથી પોતાના પતિ કે પત્નીને ખુશ કરવા, તેની સગવડ સાચવવા, અનુકૂળતા સાચવવા કશું એવું કરી બેસે છે જે તેના જીવનની ભૂલ પુરવાર થાય છે. જેમ કે લાંચ લેવી, પૈસા કમાવા માટે કશું ખોટું કરવું કે પછી હેસિયતથી મોટું સાહસ કરી બેસવું. માણસ પછડાય ત્યારે એને સૌથી વધુ જરૂર પહેલાં ઊભા કરવાની અને પછી સારવાર આપવાની હોય છે. પડેલા માણસને ખબર જ હોય છે કે તેણે ક્યાં ભૂલ કરી છે. એ પીડામાં હોય કે હતાશામાં હોય ત્યારે તેને તેની ભૂલનો અહેસાસ કરાવવાથી કોઈ ફાયદો થતો નથી, પણ કડવાશ અને હતાશામાં ઉમેરો થાય છે.

બે જણ જ્યારે એકબીજા સાથે પોતાનું જીવન જોડે છે ત્યારે પ્રશ્નો, પીડા, સમસ્યા કે ભૂલમાં પણ જાણે-અજાણે એકબીજાના હિસ્સેદાર બનવાનું સ્વીકારે છે. જ્યારે બેમાંથી એક જીવનસાથી કશું ખોટું કરી બેસે ત્યારે તેને સતત અપમાનિત કરવા કે તેની ભૂલનો અહેસાસ કરાવવાને બદલે જો બીજી વ્યક્તિ તેને બહાર નીકળવામાં કે બદલાવ લાવવામાં મદદ કરે તો એ સાચું સખ્ય અથવા દાંપત્ય છે. એ જ આપણાં સંસ્કાર અને સંસ્કૃતિ છે.

આપણે એકબીજાના જીવનનો હિસ્સો છીએ, એવું વચન આપીને જોડાયેલા બે જણ માત્ર સુખમાં જ સાથે રહેવાનું કે સારા જ સમયે એકબીજાનો સાથ આપવાનું સ્વીકારતા નથી. દુઃખમાં, તકલીફમાં અને પીડામાં પણ બંને એકબીજાના જીવનનો હિસ્સો છે, તો એ વાત બંનેએ સ્વીકારીને એકમેકની સાથે ઊભાં રહેવાનો પ્રયાસ કરવો જોઈએ, થઈ શકે એટલો. એ પ્રયાસ સંબંધને મજબૂત બનાવવાનું કામ જરૂર કરશે.